ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ગુરૂકુલનું કીર્તન સાંભળતા દર્શન રાવલની ગાયકી સંગીતપ્રેમીઓને ડોલાવે છે

યો-યો હની સીંગના મતે 'પરફેક્ટ વોઈસ'નું બિરૂદ મેળવનાર ગાંધીનગરના દર્શન રાવલને મ્યુઝિક ડિરેક્ટર બનવું છે : અપકમીંગ બે હીન્દી ફીલ્મોમાં હીમેશ રેશમીયા સાથે પ્લે બેક આપશે : સંગીતને કોઈ કક્ષામાં ઢાળી ન શકાય સૂર, શબ્દ અને સંગીતને સમજવાની જરૂર : દર્શન રાવલ

ગાંધીનગર, તા.૨૩

સંગીતને કોઈ કેટેગરીમાં ઢાળવાની જરૂર નથી, સૂર, સંગીત અને શબ્દો શ્રોતાઓ સમજી શકે તે મહત્વનું છે. કોમ્પ્યુટર એન્જિનીયરીંગનો અભ્યાસ અધુરો છોડી ગીત સંગીતની કલાને સમર્પિત દર્શન રાવલને મ્યુઝિક ડિરેક્ટર બનવું છે. યો-યો હનીસીંગના રીયાલીટી શૉ માં ફાઈનલ સુધી પહોંચેલા ગાંધીનગરના દર્શન રાવલના અવાજનો જાદુ હીમેશ રેસમીયા સાથે આવનારી અપકમીંગ બે હીન્દી ફીલ્મોમાં સાંભળવા મળશે. હની સીંગના મતે 'પરફેક્ટ વોઈસ'નું બિરૂદ મેળવનાર દર્શનના મ્યુઝિકલ કરિયરની શરૂઆત ગુરૂકુલના કીર્તનથી શરૂ થઈ ગઈ હતી.

(તસવીર : દિપક જાની)

એક સમયમાં શહેરમાં સે-૭-ડીમાં રહેતા અને સેંટ ઝેવિયર્સમાં અભ્યાસ કરતા દર્શન રાજેન્દ્ર રાવલનો સંગીતની દુનિયા સાથે અનોખી રીતે નાતો બંધાયો છે. દાયકા પૂર્વ ગુરૂકુલમાં કીર્તનના સમયે હાજરી આપતા દર્શનને સંગીત પ્રત્યેનો લગાવ મજબૂત બન્યો હતો. કીર્તન સાંભળવાનું રૂચિકર બનતા હોમ સિકનેસ દૂર કરવા તેણે વિશ્વના જુદા જુદા પ્રકારના સંગીત સાંભળવાનું શરૂ કર્યું હતું. જયારે પ્રારંભિક અભ્યાસ બાદ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે કોમ્પ્યુટર એન્જિનીયરીંગમાં પ્રવેશ મેળવ્યો હતો. પરંતુ ટેકનોલોજીની સામે સુરીલા સંગીતની દુનિયામાં આગળ વધવાના મકકમ નિર્ણયને અપનાવી લીધો હતો. આખરે એક સફળ પ્લેબેક સિંગર અને મ્યુઝિક ડાયરેકટર બનવાની દીશામાં આગળ વધવાની સૂરીલી કેડી પણ દર્શને પોતાના અવાજ અને સંગીતથી કંડારી લીધી છે. ટીવીના પડદે રજૂ થતા યો-યો હનીસીંગના રીયાલીટી શૉમાં પોતાના જાદુઈ અવાજથી લોકોના ચહીતા બનેલા

● અનુસંધાન પાન-૭ પર

આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

પુરાંતલક્ષી બજેટ ઉપરાંત મનરેગાનુ બજેટ તેમજ રોગચાળાની સ્થિતિ, સમિતિઓની પુનઃ રચનાનો મુદ્દો મુખ્ય બની રહેશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતનું આજે વર્ષ-૨૦૧૫-૧૬નું પુરાંતલક્ષી બજેટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં રજુ થશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષસ્થાને બપોરે મળનારી સામાન્ય સભામાં આ અંદાજપત્ર ઉપરાંત મહાત્મા ગાંધી રોજગાર યોજનાનું લેબર બજેટ પણ રજુ કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની મુદત પૂર્ણ થતી હોઈ નવી સમિતિઓની રચના અંગેની કાર્યવાહી પણ આ બેઠકમાં હાથ ધરાશે. ખાસ કરીને કારોબારી સમિતિ જે અત્યાર સુધી કોંગ્રેસ હસ્તક હતી તે પણ આ સામાન્ય સભામાં ભાજપ હસ્તગત કરી લેશે.

કારોબારી સમિતિ ભાજપની પાસે જ આવતાં સામાન્ય સભાને જે સત્તા કારોબારી સમિતિની સોંપવામાં આવી હતી તે પુનઃ સમિતિને સુપ્રત કરવા અંગેનો નિર્ણય પણ આજ બેઠકમાં લેવામાં આવશે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભા માટે બન્ને પક્ષો દ્વારા તેમની વ્યુહરચનાના કાર્ડ છાતી સરખા રાખવામાં આવી રહ્યા છે. જો કે કોંગ્રેસ આક્રમક રણનીતિ હમણાં અપનાવવાના કોઈ મૂડમાં હોય તેમ જણાતું નથી.

બીજી તરફ સમિતિઓની રચનાને લઈ પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ પણ ભાજપના સભ્યોની સાથે અલગ અલગ બેઠકો કરી તેમના મન જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે. પંચાયતની સમિતિઓમાં આમ તો કોઈ ખાસ ઉલટફેર થાય તેવી શક્યતાઓ નહિવત છે. આમ છતાં કારોબારી સમિતિને લઈ ભાજપમાં પણ આંતરિક ખેંચતાણ ખુબ તીવ્રતાથી ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

પંચાયતની સામાન્ય ચૂંટણીઓ હવે નજીકમાં હોઈ સભ્યો પણ હવે વધુ પ્રજાભિમુખ બની અને તેમણે વિસ્તારમાં સૂચવેલા વિકાસ કામોને

● અનુસંધાન પાન-૭ પર

શિશિર શિમ્ફની - ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા યોજાયેલ શિશિરોત્સવના બીજા દિવસે શિશિર શિમ્ફની કાર્યક્રમમાં લોકપ્રિય ગાયકો દ્વારા ધમાકેદાર ગીતો રજૂ કરી શ્રોતાઓને ડોલાવ્યા હતા. ગઈકાલ, આજ અને આવતીકાલની પેઢીને ગણગણવાનું મન થાય એવા મનપસંદ ગીતોની પ્રસ્તુતિએ વાતાવરણને ભરી દીધું હતું. (તસવીર : દિપક જાની)

આજે રાજ્યનું અંદાજપત્ર

આવકના વૈકલ્પિક સાધનો ઉભા કરવા પ્રયાસ થશે : પેટ્રોલ-ડિઝલમાં વેટની આવક ઘટી ગયા બાદ નવો પડકાર મનપાની ઓક્ટોબરમાં થનાર ચુંટણીને લઈને બજેટ હશે

અમદાવાદ, તા.૨૩

રાજયના નાણામંત્રી સૌરભ પટેલ ગુજરાત સરકારનું વર્ષ ૨૦૧૫-૧૬ નું સામાન્ય અંદાજપત્ર આવતીકાલે તા. ૨૪મી ફેબ્રુઆરી મંગળવારના રોજ વિધાનસભા ગૃહમાં રજૂ કરશે. રાજયની અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, વગેરે મહાનગર પાલિકાઓની ચાલુ વર્ષના ઓકટોમ્બર માસમાં સામાન્ય ચૂંટણીઓ યોજવાની છે ત્યારે આવતીકાલે રજૂ થનારા ગુજરાત સરકારના અંદાજપત્રમાં રાજયની તમામ મહાનગર-પાલિકાઓના કરદાતાઓ સ્પર્શની કેટલીક લાભકારી યોજનાની જાહેરાત થાય તેવી શક્યતાઓ વ્યકત થઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી તમામ ક્ષેત્રે વ્યાજદરમાં ભારે ઘટાડા થયા છે. છતા મહાનગર પાલિકાઓદ્વારા બાકી પ્રોપટી ટેક્ષ પર ૧૮ ટકા વ્યાજ વસૂલવામાં આવતું હોવાથી આ વ્યાજ નાબુદ કરવામાં આવે અથવા તો તેવા ધરખમ ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા જોવામાં આવી રહી છે. બીજી તરફ પેટ્રોલ-ડીઝલના ભાવોમાં સતત ઘટાડો થવાથી રાજયને વેટની આવકમાં પડેલા મોટા ફટકાને સરભર કરવા ગુજરાત સરકાર રેવેન્યુ આવકના કોઈ વૈકલ્પિક સ્ત્રોત ઊભો કરશે તેમ પણ જાણવા મળે છે. એકંદરે ગુજરાત સરકારનું વર્ષ ૨૦૧૪-૧૫નું બજેટ વધારાના કરવેરા વગરનું નહિ હોય પરંતુ ક્યાંકને ક્યાંક પ્રજા ઉપર સીધો કે આડકતરો કરબોજ વધારનાર હશે. તેમ જાણકાર સૂત્રો જણાવી રહ્યા છે.

ગાંધીનગરમાં બાળ ફિલ્મ મહોત્સવ યોજાશે

ગાંધીનગરમાં ફેબ્રુઆરીના અંતમાં બાળ ફીલ્મ મહોત્સવ-૨૦૧૫નું આયોજન : જિલ્લાની ૬૨૭ શાળાના ૧લાખ વિદ્યાર્થીઓને વિવિધ ૫ ફીલ્મો બતાવાશે : વિદ્યાર્થીઓને ફીલ્મના માધ્યમથી એજયુકેટ કરવા પ્રયાસ : ફીલ્મ જોવાની કળા, ડિજિટલ ટીચર અંગે તજજ્ઞો વ્યાખ્યાન આપશે

ગાંધીનગર, તા.૨૩

વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, કરુણા-નિડરતા જેવા ગુણો કેળવાય અને વૈજ્ઞાનિક અભિગમથી ઘડતર થાય તેવા આશયથી ગાંધીનગરમાં બાળ ફીલ્મ મહોત્સવ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન જિલ્લાની ૬૨૭ શાળાઓના ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ફીલ્મો બતાવાશે. ચિલ્ડ્રન ફીલ્મ સોસાયટી ઓફ ઈન્ડીયાએ બનાવેલી બાળફીલ્મો બતાવી વિદ્યાર્થીઓને ફીલ્મના માધ્યમથી શિક્ષણ આપવામાં આવશે. બાળ ફીલ્મ મહોત્સવ ૨૦૧૫ના અભિયાનને અસરકારક બનાવવા કલ્ચરલ ફોરમ તેમજ સે-૨૩ કડી કેમ્પસ સંસ્થા પણ સહયોગી બળ પુરું પાડશે.

ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજીના નિયામક ડૉ ટી.એસ. જોષીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે બાળ ફીલ્મ ફેસ્ટીવલનું રાજયમાં ત્રણ તબક્કામાં આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં રાજકોટ શહેરમાં ફીલ્મ મહોત્સવ યોજાયો હતો. જયારે મધ્ય ઝોનમાં તા. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ગાંધીનગરમાં બાળ ફીલ્મ મહોત્સવ યોજાશે. જિલ્લાની ૬૨૭ શાળાઓના ૧ લાખથી વધુ બાળકોને ૫ ફીલ્મો બતાવાશે. ફીલ્મ નિદર્શન માટે શહેરની વિવિધ શાળાઓ સહીત ૧૪ જેટલા સ્થળો પણ નિયત કરાયા છે. આ જાહેર સ્થળોએ રાત્રે ૮ વાગ્યાથી ફીલ્મનું નિદર્શન કરાશે. આજની ફીલ્મોમાં અશ્લીલતા હોવાથી બાળકોને બતાવી શકાય તેવી હોતી નથી. જયારે બાળ ફીલ્મ મહોત્સવના આધારે વિદ્યાર્થીઓનું ઘડતર વૈજ્ઞાનિક અભિગમથી થાય

● અનુસંધાન પાન-૭ પર

નીચેના સ્થળોએ શૈક્ષણિક ફિલ્મો બતાવવામાં આવશે

નવાપરા બોરીજ પ્રા. શાળા, ફતેહપુરા પ્રા. શાળા, ધોળાકુવા પ્રા. શાળા, સે-૨૯/૧ પ્રા. શાળા, સે-૨૯/૨ પ્રા. શાળા, આદીવાડા પ્રા. શાળા, સે-૨૪/૨ પ્રા. શાળા, સે-૧૩/૧ પ્રા. શાળા, બોરીજ પ્રા. શાળા, નિસર્ગ સાયન્સ કોમ્યુનીટી સેન્ટર ગાંધીનગર સે-૨૩, ચરેડી છાપરા વિસ્તાર-(ફાટક પાસે)-ગાંધીનગર, જીઈબી છાપરા વિસ્તાર ગાંધીનગર, સે-૩૦ મુકિતધામથી પાવરહાઉસ વિસ્તાર-ગાંધીનગર, મારવાડી વસાહત શાહપુર રોડ (ધોળાકુવા)-ગાંધીનગર.

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી
સ્વ. ધીરજલાલ ડાહ્યાલાલ દોશી
(દેહદાતા)નું તા. ૨૩-૨-૨૦૧૫ના રોજ સોમવારના રોજ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા. ૨૪-૨-૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : જૈન દેરાસર, સેક્ટર-૨૨, ગાંધીનગર. મો. ૯૪૨૮૫ ૩૪૪૬૬
ડાહ્યાભાઈ વાલજીભાઈ દોષી પરિવાર મહુવા (ગોળવાળા)

બેસણું

અમારા પૂજ્ય **માતૃશ્રી વિમળાબેન સકરચંદ શાહ** (માંડલવાળા) તારીખ ૨૧-૨-૨૦૧૫ના રોજ અરિહંત શરણ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તારીખ ૨૪-૨-૨૦૧૫ને મંગળવારના રોજ** રાખેલ છે.

(૧) સમય : સવારે ૮-૩૦થી ૧૦-૩૦ કલાકે
સ્થળ : મધુરિકાબેન હોલ, માનવ ફ્લેટની બાજુમાં, બેંક ઓફ બરોડાની સામે, એચ.એલ. કોમર્સ કોલેજની પાછળ, નવરંગપુરા, અમદાવાદ.

(૨) સમય : સાંજે ૪-૩૦ થી ૬-૩૦ કલાકે
સ્થળ : કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, સીવીલ હોસ્પિટલની બાજુમાં, કલેક્ટર ઓફીસની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

વિદ્યાબેન વિનોદભાઈ શાહ
પાયલ અસીમ શાહ
રૂપા કેયુર શાહ
મનિષા જીગેનકુમાર શાહ

વિનોદભાઈ સકરચંદ શાહ
(ex. officer, બેંક ઓફી ઈન્ડીયા)
ડો. અસીમ વિનોદભાઈ શાહ (રેડીયોલોજીસ્ટ)
કેયુર વિનોદભાઈ શાહ
જીગેનકુમાર કિરીટભાઈ શાહ

વિદ્યાર્થી સેનેટની ચુંટણીનું આજે પરિણામ

અમદાવાદ, તા. ૨૩

વિદ્યાર્થીઓની રાજકીય કારકિર્દીમાં અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવતી ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સેનેટની ચુંટણી ઘર્ષણપૂર્ણ વાતાવરણમાં રવિવારે યોજાઈ હતી. ત્યારે આ ચુંટણીનું પરીણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. જેને લઈ વિદ્યાર્થી સંગઠનો સહીત યુનિવર્સિટીમાં ઉત્તેજના વ્યાપી જવા પામી છે. બન્ને વિદ્યાર્થી સંગઠનો દ્વારા પોતપોતાના ઉમેદવાર જીતવાના દાવા કરવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ, ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની યુજી-પીજી સાયન્સ, કોમર્સ, આર્ટ્સ અને લો તેમજ એજ્યુકેશન એમ કુલ આઠ બેઠકો માટે રવિવારે મતદાન યોજાયું હતું. આ આઠ બેઠકો માટે કુલ ૪૪ મતદાન કેન્દ્રો ખાતે ૪૧ ઉમેદવારોના ભવિષ્ય મતદાન પેટીમાં સીલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની મોસમ પુનઃ ખીલી ઉઠી

ગાંધીનગર, તા.૨૩

રાજય સરકાર દ્વારા રાજય પોલીસ બેડામાં મોટા પાયે પોલીસ અધિકારી કર્મચારીની ભરતી કરવા પોલીસ ભરતી પ્રક્રિયા હાથ ધરી છે. આ ભરતી પ્રક્રિયાની શારીરિક કસોટી પૂર્ણતાના આરે છે ત્યારે આખા રાજયમાંથી મોટી સંખ્યામાં શારીરિક કસોટી પાસ કરનાર ઉમેદવારો સ્પર્ધાત્મક પરીક્ષાના હબ ગણાતા ગાંધીનગરમાં ઉમટી રહ્યા છે. જેથી શિશિર મોસમની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીની મોસમ પણ પૂરબહારમાં ખીલી છે.

રાજય સરકારમાં છેલ્લા કેટલાક સમયથી મોટી સંખ્યામાં અધિકારી નિવૃત્ત થઈ રહ્યા છે. પરિણામે દિવસે દિવસે વહીવટી તંત્રના મહેકમમાં ઘટ વર્તાઈ રહી છે. જેથી રાજય સરકાર દ્વારા મોટા પાયે જગ્યાઓ ભરવા વિવિધ વિભાગોમાં ભરતી પ્રક્રિયા યોજી રહી છે. પોલીસ વિભાગમાં પણ અધિકારી કર્મચારીઓની નિવૃત્તિની સંખ્યા વધી રહી છે. જેને લઈ તાજેતરમાં પી.એસ.આઈ. એ.એસ.આઈ અને લોકરક્ષકની ભરતી પ્રક્રિયા શરુ કરી છે. હાલ તેની શારીરિક કસોટી રાજયના અલગ અલગ જિલ્લામાં ચાલી રહી છે. જે આવતી કાલ તા. ૨૪મીના રોજ પૂર્ણ થઈ રહી છે ત્યારે હવે શારીરિક કસોટી પાસ કરનાર ઉમેદવારો લેખિત પરીક્ષાની તૈયારી માટે સ્પર્ધાત્મક પરીક્ષાના હબ ગણાતા ગાંધીનગર શહેરમાં રાજયના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

બીજી બાજુ શહેરના કલાસીસ પણ ભરાઈ ગયા છે અને કલાસીસ સંચાલકો પણ પ્રવેશ બંધની જાહેરાતો આપી રહ્યા છે. બીજી બાજુ લાઈબ્રેરીઓમાં પણ વહેલી સવારથી જ વિદ્યાર્થીઓ વાંચન માટે ઉમટી રહ્યા છે અને આખો દિવસ તૈયારી કરી રહ્યા છે ત્યારે શિશિર ઋતુની સાથે જાણે સ્પર્ધાત્મક પરીક્ષાની મોસમ પણ ખીલી હોય તેવો માહોલ હાલ ગાંધીનગર શહેરમાં જોવા મળી રહ્યો છે. આવનાર દિવસોમાં ઉમેદવારો હજુ પણ ગાંધીનગરની રાહ પકડે તો નવાઈ નહીં.

નવ ગુજરાત બિઝનેસ એવોર્ડમાં સ્પેશિયલ ફોકસ ગ્રુપ હેઠળ સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું સન્માન

ગાંધીનગર, તા. ૨૩

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા જૂથના અખબાર 'નવગુજરાત સમય'દ્વારા ગુજરાતી ઉદ્યોગ સાહસિકોને અભિનંદવા માટે નવગુજરાત બિઝનેસ એવોર્ડની પહેલ કરવામાં આવી છે. તાજેતમાં વાયએમસીએ ક્લબ અમદાવાદ ખાતે યોજાયેલા એવોર્ડ સમારંભમાં પોતપોતાના ક્ષેત્રમાં ઉચ્ચ સફળતા હાંસલ કરનારા બિઝનેસ પર્સન્સ તથા કંપનીઓને વિવિધ ૧૨ કેટેગરીમાં નવગુજરાત બિઝેસ એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા. તે પૈકી સ્પેશિયલ ફોકસ ગ્રુપ હેઠળ ગાંધીનગર અને કડી સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પસંદગી કરવામાં આવી હતી. એસવીકેએમ ટ્રસ્ટના ડૉ. કનુભાઈ પટેલને આ એવોર્ડથી સન્માનવામાં આવ્યા છે. શિક્ષણ ક્ષેત્રે ગાંધીનગર અને સમગ્ર ઉત્તર ગુજરાતમાં નામના મેળવનાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સ્પેશિયલ ફોકસ ગ્રુપ હેઠળ 'નવગુજરાત બિઝેનસ એવોર્ડ' પ્રાપ્ત થતાં ગાંધીનગરનું ગૌરવ વધ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

સ્વાઈન ફ્લુની દવાની ઉપલબ્ધિ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, સ્વાઈન ફ્લુની દવાનો પૂરતો જથ્થો જે તે મેડિકલ સ્ટોરમાં ઉપલબ્ધ છે. આ દવા શીડ્યુલ એક્સમાં સમાવિષ્ટ હોઈ, તે નિયમો અનુસાર ડૉક્ટરના બે પ્રિસ્ક્રીપ્શન પર મેડિકલ સ્ટોરમાં ઉપલબ્ધ છે. આથી દવા બાબતે બીન જરૂરી ગભરાટ ફેલાવવાની જરૂર નથી.

નીચેના મેડિકલ સ્ટોરમાં આ દવા ઉપલબ્ધ છે.

૧.	ગીતા કેમીસ્ટ, સેક્ટર-૨૨, ગાંધીનગર	ફોન નં. ૯૮૨૫૨૯૮૩૮૦
૨.	પ્લેનેટ હેલ્થ, સેક્ટર-૬, ગાંધીનગર	ફોન નં. ૯૮૨૫૮૦૧૦૬૪
૩.	એપોલો હોસ્પિટલ, ભાટ, ગાંધીનગર	ફોન નં. ૭૬૯૮૮૧૫૦૪૪
૪.	શ્રી જયઅંબે મેડિકલ સ્ટોર, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, ગાંધીનગર	ફોન નં. ૯૯૨૪૧૭૧૩૩૨
૫.	ક્રિષ્ના મેડિકલ સ્ટોર, સાણંદ	ફોન નં. ૯૪૨૬૧૭૨૭૩૮
૬.	સરદાર મેડીકલ સ્ટોર, માણસા	ફોન નં. ૯૯૦૪૧૪૨૮૦૧
૭.	પ્લેનેટ હેલ્થ, બોપલ	ફોન નં. ૯૮૨૫૮૦૧૦૬૪
૮.	ઉમિયા કેમિસ્ટ, સેક્ટર-૭સી, ગાંધીનગર	ફોન નં. ૯૮૨૫૮૧૬૦૨૩

સહી/-
કમિશનર,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૦૬૦/૨૦૧૪-૨૦૧૫

ખોવાયેલ છે

પટેલ રમણભાઈ આશાભાઈ

ઉપરોક્ત ફોટાવાળા વ્યક્તિ પટેલ રમણભાઈ આશાભાઈ તા. ૨૨-૨-૧૫ના રોજ કાવીઠા, બોરસદ, અંબાજી સંઘમાંથી, રાણાસણ રેલ્વે ફાટક બાજુમાં આવેલ ગામઠી હોટલથી છુટા પટેલ છે. જાણ થાય તો નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.

તરલેશ પટેલ-૯૮૨૫૮૬૧૬૪૨
નીરંજન પટેલ-૯૮૨૫૫૮૬૫૦૯
નીલેશ પટેલ - ૯૮૨૪૯૭૮૩૧૪
યોગેશભાઈ - સરપંચશ્રી, કોબા ૯૪૨૬૦ ૬૩૪૭૧

લિ.
જયઅંબે યુવક મંડળ
કાવીઠા, અંબાજી

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com